ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ડેપો સંકુલમાં મુસાફરોની સલામતીના મામલે પોલીસ તંત્રની નિરસતા

## એસ ટી દ્વારા પોલીસ ચોકી શરૂ કરવા માટે શરતો દર્શાવતા પત્રનો પણ સે-૭ પોલીસે કોઇ જવાબ આપ્યો નથી : સ્થળ પસંદગીના અંતે પણ પોલીસ ચોકી શરૂ કરવાનો મામલો અધ્ધરતાલ

ગાંધીનગર તા ૩૦

શહેરના હાર્દસમા વિસ્તાર ઘ-૩ પાસે સ્થિત એસ ટી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવાની યોજના હજુ પણ અધ્ધરતાલ છે. આ મામલે એસ ટી નિગમ દ્વારા જગ્યા ફાળવવા માટે નિર્ણય લીધા પોલીસ તંત્ર દ્વારા કોઇ ગતિવિધિઓ હાથ ન ધરાતી હોવાનુ સ્પષ્ટ થયુ છે. ચોકી કાર્યરત કરવા શરતો દર્શાવતો પત્ર ડેપો દ્વારા પોલીસ તંત્રને સુપ્રત કરવામાં આવ્યો છે. પરંતુ સે-૭ પોલીસ દ્વારા આ પત્રનો જવાબ પણ આપવામાં આવ્યો નથી. ડેપો સંકુલમાં લાંબા સમયથી સલામતીનો મુદ્દો રામભરોસે છે.

નગરના એસ ટી ડેપોમાં મુસાફરોલક્ષી સુવિધાના નામે મીંડુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. એકબાજુ એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના અમલી બનાવાની વાતો થાય છે. પરંતુ એસ ટી ડેપોમાં સલામતી વ્યવસ્થાના હજુ સુધી ઉભી કરી શકાઇ નથી. એસ ટી ડેપોમાં દાયકાઓથી પોલીસ ચોકી શરૂ કરવા માટે જાગૃત નાગરિકો દ્વારા રજુઆત કરવામાં આવી રહી છે. ત્યારે પોલીસ ચોકી શરૂ કરવાની બાબત હજુ પણ વહીવટી પ્રક્રીયામાંથી બહાર આવી શકી નથી. લાંબા સમયના અંતે ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે જગ્યાની પસંદગી કરવામાં આવી છે. ડેપોમાં ગેટ નં-૨ પાસે ચોકી બનાવવા માટે પણ નિર્ણય લેવાયો છે. જયારે આ પોલીસ ચોકી માટે એસ ટી નિગમના તેમજ પોલીસ તંત્રના અધિકારીઓ દ્વારા સ્થળ નિરિક્ષણ કરી જગ્યા પણ પસંદ કરી દેવામાં આવી છે. ડેપો સુંકુલના ગેટ નં- ૨ પાસે પોલીસ ચોકી બનાવવા માટે નિર્ણય લેવાયો છે. આ માટે ડેપો દ્વારા પ્રતિમાસ રૂ ૧૦૦ ના ટોકન દરે ભાડુ નક્કી કરાયુ છે. જયારે અન્ય પણ શરતો નિયત કરાઇ છે. આ અન્વયે ડેપો દ્વારા પોલીસ તંત્રને પત્ર લખી આગળની કાર્યવાહી હાથ ધરવા પણ જણાંવાયુ છે. પરંતુ હજુ સુધી આ પત્રનો જવાબ સે- ૭ પોલીસ કક્ષાએથી આપવામાં આવ્યો નથી. જેના પરિણામે ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવાની યોજના અધ્ધરતાલ છે. જેની સાપેક્ષમાં અમદાવાદ ગીતા મંદિર ખાતે ડેપો સંકુલમાં પોલીસ ચોકી કરવાની પ્રક્રીયા સમયસર પુર્ણ પણ કરી દેવાઇ છે. પરંતુ પાટનગરમાં જ સલામતીના મુદ્દે અંધારપટ્ટ છે. ત્યારે હવે પોલીસ ચોકી શરૂ કરવા માટે પોલીસ તંત્ર પણ હાથ લંબાવે તેવો સુર ઉઠવા પામ્યો છે.



જય-જય ગરવી ગુજરાત - મા-ગુર્જરીના જન્મદિવસે મા-ભારતીના ચરણોમાં ગુર્જરીની અભિવંદનાની પરિકલ્પના નગરના જાણીતા ડૉલ-આર્ટિસ્ટ હરિન ભટ્ટ દ્વારા કરાઈ છે... પૂજ્ય રવિશંકર મહારાજના આશીર્વાદ સાથે આરંભાયેલ ગુજરાત રાજ્યના ૫૭માં જન્મ દિવસને લોકોત્સવ તરીકે રાજ્યભરમાં ઉજવાઈ રહ્યો છે ત્યારે ગાંધીનગર પણ એના રંગમાં ભળે છે... રાજ્યભરમાં ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીના રંગે રંગાયું છે... સાથે સાથે ગાંધીનગરમાં પણ સ્થાપના દિવસની ઉજવણી વિવિધ કાર્યક્રમો દ્વારા કરવામાં આવી રહી છે... સૌના મનમાં મા-ગુર્જરીના ચરણોમાં વંદનાનો ભાવ પ્રગટી રહ્યો છે...

# નગરની શાળાઓમાં વેકેશનના પ્રારંભે જ 'લેટ ધેમ પ્લે'નો અભિગમ

## સેકટરોના બગીચાઓ ઉભરાયા : સમર કેમ્પમાં પણ ભીડ : દિવસે ગરમીના લીધે નગરમાં સન્નાટો : રાત્રિની ઠંડકમાં નગરના જનજીવનમાં અનોખો ધબકાર

ગાંધીનગર તા ૩૦

નગરની શાળાઓમાં વેકેશન શરૂ થતા શહેરના જનજીવન પર ગરમીની રજાઓની અસર વર્તાઇ રહી છે. બોર્ડ પરીક્ષા પુર્ણ થયા બાદ મહીનાના અંતે શાળાકીય વાર્ષિક પરીક્ષાઓ પણ પુરી થતા શાળાઓમાં વેકેશન પડી ગયુ છે. વેકેશન શરૂ થતા જ સેકટરોના બગીચાઓમાં સહેલાણીઓની ભીડ વધી છે. જયારે વેકેશન દરમિયાન યોજાતા સમર કેમ્પમાં પણ બાળકોનો ઘસારો જોવા મળે છે. સમર કેમ્પમાં અભ્યાસુ પ્રવૃતિથી દુર હટીને બાળકોને અન્ય રસની રમતગમતોમાં જોતરવામાં આવે છે. જેના લીધે વાલીઓ પણ પોતાના પાલ્યને સમર કેમ્પમાં મોકલવા ઉત્સુક બન્યા છે.

ગત માર્ચ મહીનામાં બોર્ડની પરીક્ષા પુર્ણ થયા બાદ નગરના જનજીવનમાં વિશેષ ચહલ પહલ જોવા મળી રહી છે. જો કે ગરમીનો પારો ઉંચે જતા રજાના દિવસોમાં પણ શહેરમાં સન્નાટો જોવા મળી રહયો છે. પરંતુ રાત્રિના સમયે ઠંડકના વાતાવરણમાં વિદ્યાર્થીવર્ગ વેકેશનની મજા માંણવા ઉત્સુક જણાંય છે. નગરના ઉધાનોમાં સાંજ પડતા જ ભીડભાડ જોવા મળી રહી છે. ત્યારે આજથી નગરની શાળાઓમાં પણ વેકેશનનો દોર શરૂ થતા ગરમીઓની છુટ્ટીની મોસમ નિખરી છે. નગર તેમજ જિલ્લાઓની શાળાઓમાં અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓ અભ્યાસુ પ્રવૃતિથી દુર હટી વેકેશનની મજા માંણવા ઉત્સુક બન્યા છે. જેના લીધે રજાઓની શરૂઆતથી જ નગરના ઉધાનોમાં ભીડભાડ જોવા મળી રહી છે. જયારે દિવસની ગરમીના અંતે રાત્રીના સમયે નગરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં પણ કિડીયારુ ઉભરાય છે. વહેલી સવારે મોર્નિંગ વોક કરનારોથી ઉભરતા આ પાર્કમાં રાત્રિના પરિવારજનો સાથે હળવાશની પળો માંણતા નજરે પડે છે. એકબાજુ બોર્ડના વિદ્યાર્થીઓ હવે પરિણામની ઘડીઓ ગણી રહયા છે. ત્યારે શાળાકીય વેકેશનની શરૂઆત થતા વિદ્યાર્થીઓ અને વાલીઓ પ્રવાસના મુડમાં પણ જોવા મળી રહયા છે. તો બીજીતરફ સમર કેમ્પમાં પણ બાળકો આનંદીત થાય તેવી વૃતિ પ્રવૃતિમાં સહભાગી બની રહયા છે. સાંજ ઢળતા જ સેકટરોના બગીચામાં પણ વેકેશનની અસરના લીધે નગરજનોની ભીડ જોવા મળી રહી છે. દફતરના ભારથી દુર થઇ વાલીઓએ પણ વિદ્યાર્થીઓ માટે લેટ ધેમ પ્લેનો અભિગમ અપનાવ્યો છે.

# શહેરમાં પુનઃ આકરી બનતી ગરમી

## છેલ્લા ત્રણ દિવસમાં મહત્તમ તાપમાન ત્રણ થી ચાર ડિગ્રી જેટલુ વધ્યુ : બફારાથી વસાહતીઓ પરેશાન

ગાંધીનગર, તા. ૩૦

એપ્રિલ માસમાં હીટવેવનો અનુભવ કર્યા બાદ છેલ્લા પંદર દિવસથી સામાન્ય ગરમીનો અનુભવ થયો હતો. ત્યારબાદ છેલ્લા ત્રણ-ચાર દિવસથી પુનઃ ગરમી વધવા માંડતા મહત્તમ તાપમાન ૪૧ ડિ.સે. સુધી પહોંચી ગયુ છે.

ઉનાળાના પ્રારંભે ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં આકરી ગરમી અનુભવાઈ હતી. હીટવેવ લગભગ એક અઠવાડિયા સુધી ચાલી હતી. ત્યારબાદ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને મહત્તમ તાપમાન ૩૫-૩૬ ડિ.સે. સુધી ગગડ્યુ હતુ. ગરમી ઘટતા વસાહતીઓને થોડીક રાહત થઈ હતી. જો કે મે માસનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે ગરમીમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. છેલ્લા એક અઠવાડિયાથી ગરમી વધી રહી છે. એકાદ-બે ડિગ્રી જેટલો દરરોજ તાપમાનમાં વધારો થતાં આજે ૪૧ ડિગ્રી જેટલુ મહત્તમ તાપમાન પહોંચ્યુ હતુ. તાપમાનમાં વધારાની અસર જનજીવન પર જોવા મળી હતી. આખો દિવસ આકરો તડકો અનુભવાતા વસાહતીઓ ઘરમાં પુરાઈ રહ્યા હતા. છેક સાંજે તડકો



ઓછો થતાં વસાહતીઓ રવિવારની રજા માણવા જાહેર સ્થળોએ ઉમટી પડ્યા હતા. બગીચાઓમાં અને અન્ય હરવા ફરવાના સ્થળોએ વસાહતીઓએ અડીંગો જમાવ્યો હતો. ઠંડા પીણા અને બરફગોળાની લારીઓ તથા આઈસક્રીમ પાર્લરો પર ભારે ભીડ જોવા મળી હતી. આગામી બે-ત્રણ દિવસમાં ફરી હીટવેવની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ભેજનું પ્રમાણ સવારે ૬૫ ટકા અને સાંજે ૨૩ ટકા રહ્યુ હતુ. ભેજનું પ્રમાણ વધુ રહેતા બફારો વધુ અનુભવાયો હતો.

# નગરના જાહેર માર્ગો પર જોવા મળતા બેનર્સ-હોર્ડીંગ્સ સમયસર દુર કરવા રજુઆત

ગાંધીનગર તા ૩૦

શહેરમાં નજર નાંખો ત્યાં બેનર્સ અને હોર્ડીંગ્સ લટકતા જોવા મળે છે. જયારે પ્રસંગોપાત લગાવાતા આ બેનર્સ સમયસર દુર કરવાની પણ તસ્દી લેવાતી નથી. જેના લીધે મહાનુભાવોની તસવીરો સાથેના હાર્ડીંગ્સ અપમાનજક સ્થિતિમાં પણ જોવા મળતા હોય છે. ત્યારે આવા સંજોગોમાં તંત્ર દ્વારા જાહેર માર્ગો આસપાસ તેમજ અન્ય ઠેકાણે લગાવાતા આ પ્રકારના હોર્ડીંગ્સ ત્વરિત દુર કરવા કાર્યવાહી હાથ ધરવી જોઈએ તેવી રજુઆત શહેર વસાહત મહામંડળ દ્વારા જિલ્લા કેલકટરને કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ નગરના જાહેર માર્ગો પર નજર નાંખો ત્યાં રાજકીય કાર્યક્રમો તેમજ સંસ્થાકીય અને વ્યવસાયિક બેનર્સ અને હોર્ડીંગ્સની કતાર જોવા મળે છે. માર્ગો પર બેનર્સ અને હોર્ડીંગ્સ લગાવાનો સિલસલો યથાવત છે. નગરના જાહેર માર્ગો તેમજ અન્ય જાહેર સ્થળો પર સતત આ પ્રકારના બેનર્સ અને હોર્ડીંગ્સની ભરમાર જોવા મળી રહી છે. જયારે કાર્યક્રમના અંતે પણ આ પ્રકારના હોર્ડીંગ્સ સમયસર દુર કરવામાં આવતા નથી. જયારે લાંબા સમય સુધી આ સ્થિતિ યથવાત રહે છે. આ ઉપરાંત નગરના માર્ગો પર સેન્ટ્રલ વર્જમાં ધ્વજ પતાકા પણ લહેરાતા જોવા મળે છે. વધુમાં નગરના જાહેર માર્ગો જાહેર ખબરનુ માધ્યમ બની ગયા હોય તેમ વ્યવસાયિક જાહેરાતોના પેમ્ફલેટ અને બેનર્સની પણ ભરમાર લાગેલી છે. રાજકીય કાર્યક્રમો તેમજ સંસ્થાકીય બેનર્સ અને હાર્ડીંગ્સમાં લાગેલા મહાનુભાવોના ફોટા પણ અપમાનજનક સ્થિતિમાં જોવા મળે છે.ત્યારે આ પ્રકારના બેનર્સ અને હાર્ડીંગ્સ સમયસર દુર કરવા માટે યોગ્ય વહીવટી પ્રક્રીયા હાથ ધરવા માટે પણ તેમણે જિલ્લા કલેકટરને રજુઆત કરી છે.




# આજે રાહુલ ગાંધી દક્ષિણ ગુજરાતમાં આવશે



અમદાવાદ, તા.૨૯

કોંગ્રેસના યુવરાજ અને ઉપપ્રમુખ રાહુલ ગાંધી આવતીકાલે ગુજરાત સ્થાપના દિવસના પ્રસંગે રાજ્યના ડેડિયાપાડા ખાતે ખાસ કાર્યક્રમમાં ભાગ લેનાર છે. આંતરરાષ્ટ્રીય કામદાર દિવસ અને ગુજરાત સ્થાપના દિવસના પ્રસંગે કોંગ્રેસ દ્વારા નવસર્જન આદિવાસી અધિકાર જનસભા ડેડિયાપાડા ખાતે રાખવામાં આવી છે. આને ઐતિહાસિક બનાવવાના પ્રયાસ કરવામાં આવનાર છે. આમા રાહુલ ગાંધી ઉપસ્થિત રહેનાર છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ કહ્યું છે કે, ચૂંટણી પંચના આદેશ અનુસાર દરેક રાજકીય પક્ષે સંગઠનની ચૂંટણી પૂર્ણ કરવાની છે ત્યારે આપણા સંગઠનની ચૂંટણી પણ મે મહિનામાં પૂર્ણ કરવાની રહેશે અને રાહુલને કોંગ્રેસના અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢવામાં આવે તો ઈચ્છનીય છે. ગુજરાતમાં દરિયાકાંઠાના વિસ્તારો અને માછીમારી સમુદાય અનેક પ્રશ્નો પડતર છ. રાહુલની આજની ડેડિયાપાડા યાત્રા વેળા કોંગ્રેસના વરિષ્ઠ સભ્યો પણ ઉપસ્થિત રહે તેમ માનવામાં આવે છે. કોંગ્રેસના કાર્યકરોમાં રાહુલના સ્વાગત માટે ઉત્સાહ પણ છે.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com